શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૪
અંક : ૭

સવાલ – જવાબ

સઃ કોણ કોઈનું સાંભળતું નથી.
જઃ ભુખ્યું પેટ અને ગુસ્સે થયેલા શેઠ.
સઃ એક વખત હાથમાંથી ગયું તે શું ?
જઃ સમય– જીવનની જે પળ આજે ચાલી રહી છે તે કદી પાછી આવતી નથી.
સઃ શ્રવણના માતા–પિતાનું નામ શું હતું ?
જઃ શ્રધ્ધા અને સંસ્કાર.
સઃ શું ખાવાથી માણસો સુધરે છે ?
જઃ ઠોકર ખાવાથી.
સઃ ઈશ્વર આપણા હૃદયમાં કેવી રીતે છુપાયો છે ?
જઃ જેમ લાકડામાં અગ્નિ છુપાયો છે તેમ.
સઃ સુખના શત્રુ કોણ ?
જઃ અસંતોષ, વહેમ અને શંકા
સઃ કોણ જીર્ણ થતું નથી ?
જઃ આશા, તૃષ્ણા અને વાસના
સઃ કોણ કોઈની પરવા કરતું નથી ?
જઃ બાળક
સઃ અંધકારમાં આપણને કોણ વધુ તેજસ્વી લાગે છે ?
જઃ આવતીકાલ
સઃ કાકા, મામા, ભાઈ, બહેન, બાપ હોવા છતાં માતાની ખોટ કેમ પુરાતી નથી ?
જઃ માતાનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે માટે.
સઃ શુરવીરનું પ્રથમ લક્ષણ કયું ?
જઃ ક્ષમા
સઃ આ જગતમાં જાતજાતના વાદ ચાલે છેં એમાં સૌથી સારો વાદ કયો ?
જઃ આશિર્વાદ
સઃ માણસ પર કયો ગ્રહ વધારે ખરાબ અસર કરેં છે ?
જઃ પૂર્વગ્રહ
સઃ મોટામાં મોટી ભુલ કઈ ?
જઃ કોઈ પણ ભુલ થયા પછી એનેં સુધારી લેવાનું ભુલી જવું એ મોટામાં મોટી ભુલ છે.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

– ટપક ટીમ

**મન મક્કમ હશે અને પુરુષાર્થ કરતાં રહેશો તો સફળતા આપોઆપ મળશે.**

**ઉત્પાદક સંસ્થા**

ઉત્પાદક કંપનીઓનો મૂળભુત ખ્યાલ ૨૦૦૨માં રજુ કરવામાં આવ્યો હતો જેમા ઉત્પાદક કંપનીઓને નવા કાયદા મુજબ તેને કાયદેસર બનાવવા ભલામણો નિષ્ણાત સમિતી દ્વારા કરવામાં આવી હતી જેમનું સંચાલન જાણીતા અર્થશાસ્ત્રી ડો. વાય. કે. અલઘએ કર્યુ હતું ઉત્પાદક કંપનીઓનો મુખ્ય હેતું કંપનીના સભ્યો અને પ્રાથમિક ઉત્પાદક (ખેડુત) ને લાભ થાય તેવો છે.

ઉપરોકત નવા દાખલ કરાયેલ પ્રોડયુસર કંપનીની રચના માટેના કાયદા અનુસાર કંપની (૧) ઉત્પાદન, લણણી, સંભાળ, વર્ગીકરણ, એકઠું કરવું, માર્કેટીગ, વેચાણ, તેમના સભ્યોના પ્રાથમિક ઉત્પાદનની નિકાસ તેમજ માલની આયાત અને તેના લાભો માટેની સેવાઓ. (૨) જાળવણી, સુકવણી, શુધ્ધિકરણ,પીસવું સહિતની પ્રક્રિયા અને તેના સભ્યોના ઉત્પાદનનું પેકીંગ કરવું. (૩) મશીનરી, સાધનો તેમજ વાપરવા લાયક વસ્તુઓનું ઉત્પાદન, વેચાણ અને પુરવઠો જેવી વ્યવસ્થા તેમના સભ્યો માટે કરવી. (૪) તકનીકી તેમજ પરામર્શ સેવાઓ જેવી પ્રવૃતિઓ હાથ ધરી શકે છે.

આવી ઉત્પાદક સંસ્થાઓ પ્રોડયુસર કંપની એકટ તળે નોંધાયેલી છે તેમજ હવે નવી ઉભી થનાર ઉત્પાદક સંસ્થાઓ માટે તા.૧૮ થી ૨૦ જુન ૨૦૧૨ દરમિયાન Programme of Identification and Financing of Producer Organization માટેની ત્રિદિવસીય તાલીમ બેન્કર્સ ઈન્સ્ટીટયુટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ (BIRD), લખનૌ ખાતે યોજાઈ હતી. BIRD નાબાર્ડ દ્વારા સંચાલિત છે જેમાં તાલીમો, ગ્રામવિકાસ માટે સંશોધનો અને પરામર્શ તેમજ બેંકીગની સેવાઓનો સમાવેશ થાય છે. આ તાલીમમાં દેશભરની ઉત્પાદક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને તેમના અનુભવોનું આદાન પ્રદાન કર્યુ હતું. જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અને હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિઓ જોડાયા હતા.

આ તાલીમમાં ઉત્પાદક સંસ્થાઓનું મહત્વ, નિર્માતા સંસ્થાઓનો મુળભુત ખ્યાલ, ઉત્પાદક કંપનીઓ, MACS, ખેડુત સંગઠનો અને ખેડુત સહાયકો વગેરે અને તેને આગળ લઈ જવા માટેની પ્રવૃતિઓની વ્યુહરચના ગોઠવવી, ઉત્પાદક કંપની અને તેના સભ્યોને ધિરાણ માટે હાલની યોજનાઓની ધિરાણ અંગેની વિવિધ પધ્ધતિઓ જાણવી. નાબાર્ડ સહાયિત પ્રોડયુસર કંપનીની અંબ્રેલા અને પીઓડીએફ પર આ તાલીમમાં સમજ આપી હતી તેમજ કેસ સ્ટડી અને વિવિધ પધ્ધતિઓથી પ્રોજેકટ પ્રીપરેશન પર માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

સંસ્થા દ્વારા રચાયેલ અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીની છેલ્લા ૬ વર્ષની કામગીરીને ધ્યાનમાં લઈ આગળની રણનીતી માટે આ તાલીમમાં શીખ પ્રાપ્ત થયેલ છે.

***બીજુ કાંઈ ન આપી શકો તો કાંઈ નહી અન્યને અભિનંદન તો જરૂર આપજો જ.***

## બાળ મજુરી

ભારત એક બંધારણીય લોકશાહી ધરાવતો દેશ છે. જયારે કોઈ પણ કાયદો કે કોઈ જોગવાઈ બંધારણથી વિસંગત હોય તેટલે અંશે તે દેશનાં બંધારણને અયોગ્ય ગણવામાં આવે છે. ભારતનાં બંધારણને ઘડનાર ઘડવૈયાઓ પણ બાળમજુરીનાં પ્રશ્નથી અજાણ ન હતા, તેથી જ બંધારણનાં ઘડવૈયાઓએ આપણા બંધારણમાં મૂળભૂત ફરજો, અમુક જોખમી જગા પર બાળ કને કામે ન રાખવું, તથા પ્રાથમીક શિક્ષણ ફરજીયાત આપવું, તે જોગવાઈ કરી છે. બંધારણમાં જોગવાઈ હોવા છતા, ભારતમાં દિન પ્રતિદિન બાળમજુરીનું પ્રમાણ વધતુ જાય છે તેમ તેમ બાળમજુર સાથે સંકળાયેલ સમસ્યા નવુ વિકરાળ રૂપ ધારણ કરીને એક મોટો પ્રશ્ન બની જાય છે. બાળમજુરીનો પ્રશ્ન તો આમ ધીરે ધીરે નાના મોટા શહેરોમાં વધીને વિકટ બનતો જાય છે. બાળમજુરીને પ્રવેગ આપવામાં ગરીબી, વસ્તી વધારો, યુવાનોમાં બેરોજગારી, બજાર માંગ પર બાળકો સહેલાઈથી મળી જાય છે, ફરજીયાત શિક્ષણની જોગવાઈની ગેરહાજરી અને શહેરી વિસ્તારમાં સ્થાળાંતર વગેરે બાબતથી બાળમજુરીનો પ્રશ્ન ઉભો થાય છે. જેની અસરો નીચે મુજબ જોવા મળે છે.

બાળમજુરીથી બાળકનું બાળપણ છીનવાય જાય છે, બાળકનુ શારીરિક, માનસીક, આર્થીક, લાગણીશીલ રીતે શોષણ થાય છે. આયુષ્યમાં ઘટાડો થાય છે અને નબળુ સ્વાસ્થય બને છે. તે મૂળભૂત હકક અને શિક્ષણથી વંચિત થાય છે, બાળક ગેરમાર્ગ તરફ વળી જાય છે. બાળ મજુરીથી સમાજનાં મજુર સંગઠનો નબળા પડે છે. નિરીક્ષરતા વધે છે. રાષ્ટ્રની બદનામી થાય છે. નિકાસ પર અસર પડે છે. બાળ મુત્યુમાં વધારો થાય છે. પ્રાથમીક શિક્ષણ ફરજીયાત બનાવવામાં અવરોધ થાય છે.

જેના ઉપાય પણ હાથ વગા છે જો તેનો સાર્વત્રિક અમલ કરવા માટે સમાજ તૈયારી બતાવે તો બાળમજુરીનાં સળગતા પ્રશ્નને નાંથવા માટે લઘુતમ વેતન ધારો કડક રીતે યોગ્ય અમલ થઈ શકે, સ્થાળાંતરીત મજુરનાં બાળકો માટે શાળા ખોલવી, ફરજીયાત શિક્ષણનાં કાયદાનો અમલ, નોકરીદાતા અને વ્યસાયિક સંઘોને સક્રિય રીતે સવેદનશીલ બનાવવા, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સરકાર દ્વારા અસ્તિત્વમાં હોય તેવી યોજનાઓને છેવાડા સુધી જાણકારી.

## State Learning Workshop

અમદાવાદ ખાતે તા.૧૮/૭/૧૨ ના રોજ ડીઝાસ્ટર પર State Learning Workshop નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરેશભાઈ ગોહિલએ હાજરી આપી હતી. એન.જી.ઓ, પંચાયત, કોર્પોરેટ અને સ્કુલના પ્રતિનીધીઓ હાજર રહયા હતા.

***સફળતા નું રહસ્ય એ છે કે તમારા લક્ષને હંમેશા તમારી નજર સમક્ષ રાખો.***

## "ખેડુતો માટેની તાલીમ અને કાર્યશીબીર"

ખેતીમાં શરૂઆતથી લઈ અંત સુધી વૈજ્ઞાનિક ભલામણ મુજબ ખેતી થઈ શકે તે માટે નિદર્શન માટે પંસદ કરાયેલા વેરાવળ, સુત્રાપાડા અને જાફરાબાદ તાલુકાનાં ૩૬ ખેડુતોની ઓન કેમ્પસ તાલીમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કોડિનાર ખાતે તા. ૧૩/૭/૧૨નાં રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં રાખી હતી.

***ઉદ્દેશ્યો :–***

(૧) વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ (૨) ખાતરનો ઉપયોગ, પિયત પધ્ધતિ (૩) દવાનો ઉપયોગ (૪) પશુ સંવર્ધન

સંસ્થાના પ્રતિનિધિ દ્વારા તાલીમાર્થીઓનાં આગમન આવકાર, નોંધણી બાદ સૌને તાલીમનાં વિષયોથી માહિતગાર કરવામાં આવ્યાં. ડો. જીતેન્દ્રસિંહ ચૌહાણે તમામ ખેડુતભાઈઓનું કે.વી.કે. તથા એસ.એસ.કે.કે. વતી સ્વાગત કર્યુ. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કો–ઓર્ડિનેટર ડો. બૃજેન્દ્રસિંહ રાજાવતે ખેડુતોને વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા તથા યુનિ. ભલામણ મુજબમાં જ ખાતર અને દવા છટકાવ કરવા. અને જયારે બધા ખેડુતો કૃષિ વિજ્ઞાન કેન્દ્રનુ અથવા કૃષિ યુનિર્વસિટીની સમજ બનાવશે અને ખેડુતો તેનો ઉપયોગ કરી સારી ખેતી કરી શકશે. વધુમાં ડો. રાજાવતે જણાવ્યુ હતુ કે ભારતની ખેતી જેટલી સરસ છે તેનુ પણ ફળ ભારતના ખેડુતો જ છે. વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવી ખેતીનાં પાક ઉત્પાદનમાં વૃધ્ધિ લાવી દેશનાં વિકાસમાં સહભાગી થવા બધા ખેડુતોને ભલામણ કરવામાં આવી. કે.વી.કે. નાં જમીન વિજ્ઞાનનાં નિષ્ણાંત ડો. જીતેન્દ્રસિંહ ચૌહાણે વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ, ખાતરનો ઉપયોગ, પિયત પધ્ધતિ વિશે ખેડુતોને માહિતી આપતા જણાવ્યું હતુ કે જમીનનું શા માટે પૃથ્થકરણ કરવું જરૂરી છે. કે જમીનમાં જે તત્વની ઉણપ છે. તે તત્વની જાણકારી મળે, તે તત્વ આપણે નાખીને જમીન સુધારીએ છીએ. નહી તો જમીનમાં વધુ પડતા રાસાયણિક ખાતરથી જમીનની ગુણવતા ઘટી જાય છે. અને પાક ઉત્પાદન ઘટે છે. જમીનમાં ૫૦% રાસાયણિક ખાતર ૫૦% સેન્દ્રિય ખાતર નાખવું જોઈએ. પાયાનાં ખાતરમાં ફોસ્ફરસ યુકત ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. પાયાના ખાતરને એ રીતે આપવું કે બીજથી ત્રણ ચાર સે.મી. ઉડાઈ પર નાખવું. પોટાશ ૫૦% પાયામાં અને ૫૦% ૧ માસ બાદ નાખવું જરૂરી છે. જયારે નાઈટ્રોજન યુકત ખાતરને બે સરખા ભાગ કરી નાખવું તે જરૂરી છે. તે જમીનમાં ઓગળી ને ઉડુ જાય છે. બાયો ફર્ટીલાયઝર અને ટાયઝોબિયમ કઠોળ વર્ગનાં પાકમાં નાખવું જયારે બિયારણમાં દવાનો પટ ૪૮ કલાક પહેલા આપવો અને પછી વાવણી કરવી. હેકટર દીઠ યુનિર્વસિટી ભલામણ મગફળીમાં નાઈટ્રોજન ૧૨.૫% અને ફોસ્ફરસ ૨૫%, કપાસમાં નાઈટ્રોજન ૧૬૦% આપવું.

***ઈમાનદાર હોવાનો અર્થ હઝાર મણકાંઓ માંથી અલગ ચમકતો હીરો.***

પિયત માટે ટપક પધ્ધતિ અથવા ફુવારા પધ્ધતિ અપનાવવી જરૂરી છે. જેથી પાક ઉત્પાદનમાં વૃધ્ધિ થાય છે. કે.વી.કે.નાં પાક સરંક્ષણ નિષ્ણાંત ડો. રમેશ રાઠોડે દવાનો ઉપયોગ કઈ રીતે કરવો તથા રોગ અને તેના પ્રકાર, રોગ કયાથી આવે છે. કેટલી માત્રામાં દવાનો છટકાવ કરવો તથા રોગ જીવાણું વિશે ખેડુતોને પ્રોજેકટર પર બતાવીને વિસ્તુત માહિતી આપી. વધુમાં ડો. રાઠોડે જણાવ્યું હતુ કે રાસાયણિક દવા યુનિર્વસિટીની ભલામણ હોય તેટલી માત્રામાં ઉપયોગ કરવો. (પેડીમીથાઈલન) નિંદામણ નાશક મગફળી વાવ્યા બાદ ૪૮ કલાકમાં છટકાવ કરવો (ઈમીજેથાપાયર) નિંદામણ નાશક ૨૫ દિવસની થયા પછી છટકાવ કરવો. નિંદામણ એ છાણયું ખાતર, જુનો બિયારો અને હવામાં ફેલાવો થાય છે. મગફળીમાં સુકારો આવે ત્યારે ટ્રાઈકોડમા નાખવો. ગેરૂ કે પાંદડામા ટપકાનો રોગ આવે ત્યારે ૩૦ દિવસની મગફળીમાં કાબન્ડાઝીય ૧૫ ગ્રામ, ૪૫ દિવસની મગફળી માં મેન્કોઝેલ ૩૫ ગ્રામ, ૬૦ દિવસની મગફળીમાં કોન્ટાફ ૨૫ એમ.એલ. ત્રણેય અગલ અગલ દવાનો છટકાવ કરવો જરૂરી છે. મીલીબગને રોકવા માટે જમીન તૈયાર કરતી વખતે વિઘે ૨ કિલો મીથાઈલપેરાથીયોન જમીનમાં છટકાવ કરવો. મીલીબગ લગભગ બધામાં લાગે છે. જેમા ફળ, ફુલ, પાક, વનસ્પતિમાં લાગે છે. મીલીબગ આવ્યા પછી ડી.ડી.વી.પી / પ્રોફેનોફોસ / કલોરલન ૧૦/૩૫/૩૦ તથા ડિટરજન પાઉડર એક ચમચી સ્પ્રે પંપમાં નાખી છટકાવ કરવો. એકાદ બે છોડમાં મીલીબગ હોય તો તેને ઉપાડીને જમીનમાં દાટી દેવા. અને કપાસમાં ચુચીયો આવે ત્યારે હમેશા હળવા ડોઝથી શરૂઆત કરવી. કેવીકેનાં પશુપાલન નિષ્ણાંત ડો. સુરેશ દુધાત્રાએ ખેડુતોને પશુપાલન વિશે માહિતી આપતા જણાવ્યું હતુ કે ભેંસ કે ગાય વારંવાર ઉથલો મારે તો તેમાં કેલ્શિયમ અને વિટામીન ઘટવાથી થાય છે. તેને મીગલનો પાઉડર એક બાકસની પેટ્ટી જેટલુ ખાણદાણમાં નાખી ખવડવવું. કૃત્રિમ બીજ દાન માટે હમેશા બીજા વેતર પછી કરાવવું, અથવા ખાત્રી બંધ પાડા પાસે લઈ જવું. ઈતડા કે ડુવાળ માટે પશુની નીચેથી એક દોઢ ફુટ જમીન ખોદી નવી માટી નાખવી. પશુના ગમાણમાં તીરાડ હોય તો તેને બુરવી જરૂરી છે. દુધાળા પશુને કેલ્શિવેલ આપવાથી કોઈ આડ અસર થતી નથી, તેના શરીરમાં જે વિટામીન કે કેલ્શિયમ ઘટે છે તે તેને મળી રહે છે. તેથી તેના દુધમાં વધારો થાય છે.

ઓન કેમ્પસ તાલીમમાં બધા ખેડુતોએ રસપૂર્વક ભાગ લઈને માહિતી મેળવી અને ખેડુતભાઈઓ તથા કે.વી.કે.નાં કૃષિ નિષ્ણાંતોનો આભાર માંની તાલીમને ૫:૩૦ કલાકે પૂર્ણ કરવામાં આવી.

***વર્તમાનમાં કમાણી કરેલા ઘનની બચત જે વ્યકિત કરી શકિત નથી તેને ભવિષ્યમાં પસ્તાવું પડે છે.***

## સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન

આપણું સમાજ જીવન ઘણી બધી રીતે અપડેટ થઈ રહયુ છે પણ વધતી જતી વસાહતોના પ્રમાણમાં સ્વચ્છતાની વ્યવસ્થાઓ પુરતી જોવા મળતી નથી. તેમાય ગ્રામ્ય સ્તરે આ વ્યવસ્થાઓનો બિલકુલ અભાવ જોવા મળે છે. જયાં ત્યાં ઉકરડાઓ, ગમે ત્યાં કચરો ફેકવો, મેડીકલ વેસ્ટના નિકાલની અપુરતી સુવિધાઓ તેમજ રસ્તાના કિનારા પર શૌચક્રિયા વિગેરે બાબતો ગંદકી પેદા કરે છે. જે આપણા આરોગ્યને ભયંકર નુકસાન કરી રહયુ છે ''સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન'' હેઠળ આવી બાબતો લોકો સમક્ષ મુકી આ સમસ્યાને હળવી બનાવવાનો પ્રયાસ થઈ રહયો છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ટીમ ત્રણ તાલુકામાં છેલ્લા બે વર્ષથી કાર્યરત છે જેમાં સ્વચ્છતા અંગેના કાર્યક્રમો, રેલી, નાટક દ્વારા લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતતા આવે તથા ઉકરડા હટાવવા અને શૌચાલય વિહોણા વ્યકિતને શૌચાલય બનાવવા પ્રોત્સાહન પુરુ પાડવા યોજનાની સહાયની વિગતો આપે છે.

છાત્રોડા ગામની મારી મુલાકાત દરમ્યાન મને શ્રી ભીખુભાઈ અકુભાઈ સોલંકી, શ્રી વિરાભાઈ વાલાભાઈ તથા શ્રી ભગવાનભાઈ નારણભાઈ રાઠોડ મળ્યા વાતો કરતા કરતા તેઓએ જણાવ્યુ કે તેઓની ઘરે શૌષાલય ન હતા, ત્યારે તેઓ શૌષકિયા માટે ખુલ્લામાં જતા હતા. ખુલ્લામાં શૌષકિયા કરવા માટે કોઈ ચોકકસ સમય જરૂરી રહેતો નથી. જેથી મોટાભાગે કબજીયાતની તકલીફ રહેતી હતી. બહેનોને તો બહાર આ ક્રિયા માટે જવામાં એટલી મુશ્કેલી હતી કે તેઓ સુર્યપ્રકાશમાં શૌષકિયા ખુલ્લામાં ન કરી શકતા, અંધારૂ થયે પોતાનાં નિવાસથી બહુ દુર પણ જઈ શકતા ન હતા, ઉકરડાઓ પણ ઘર પાસે જ રહેતા જેથી ગંદકી ઘર પાસે જ રહે તેવી સ્થિતી બનતી હતી.

આ સંસ્થાના કાર્યકરોના સતત સંપર્ક અને આ યોજનાના કારણે હવે અમે ધીરે ધીરે મુકિત મેળવતા જઈએ છીએ તેનો અમને આંનદ છે. બાકી રહેલા શૌચાલય વિહોણા પરિવારોને પણ અમે શૌચાલય બનાવવા સમજાવી રહયા છીએ. જેથી આખુ ગામ ગંદકી વિહોણુ બને.

અમને આ અભિયાનથી થયેલ ફાયદોઃ

૧. દુર દુર સુધી શૌષકિયા કરવા માટે ઘણો સમય લાગતો હતો, તે હવે સમય લાગતો નથી.

૨. કામના કે રહેઠાણના સ્થળે આ સુવિધા ન હોય તો કુદરતી હાજતે જવાનુ ટાળીએ અને આરોગ્ય બગડતુ જેનુ આ કાર્યક્રમથી સમાધાન થયુ છે.

૩. વરસાદી વાતાવરણમાં આજુ બાજુ પાણીનાં ભરેલા ખાંડામાં ગંદકી હોય ત્યારે શૌષકિયામાં પડતી મુશકેલીઓ ટળી છે.

**– તૃપેશ વઘાસીયા**

***તમે જીવનભર ખુશ રહો તે જ તમારા દુશ્મનો માટે સોથી મોટી સજા છે.***

## ટીમ મીટીંગ

તા. ૩૦ જુન ૧૨ ના રોજ પ્રાંચી ખાતે શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રની ટીમ મીટીંગ યોજવામાં આવી હતી. તેમાં સંસ્થાના ૩૦ કાર્યકર્તાઓ હાજર રહયા હતા.

શ્રી સાજીત રાઠોડએ કામગીરી, આયોજન, પરિણામ, અનુભવો અને સુચનો આધારિત અહેવાલ પર સમીક્ષા કરી હતી.હવામાન આધારિત વીમો, સંપુર્ણ સ્વચ્છતા અભિયાન, કૌશલ્યવર્ધક તાલીમ, પોલીસ સપોર્ટ સેલ, મહિલા ન્યાય સમિતી, વહિવટી, હિસાબી, દસ્તાવેજીકરણ, અવિરત એગ્રો કંપની, સંસ્થાનું માળખુ, વાર્ષિક અહેવાલ આ બધા મુદા પર



વિસ્તૃત ચર્ચા કરવામાં આવી અને આજની આ બેઠકમાં બધા જ કાર્યકરો એ હાજરી આપી ઉત્સાહ પુર્વક ભાગ લીધો તે બદલ સૌનો આભાર માની બેઠક પુર્ણ કરી.

## વાર્તા

એક વાર ગરીબ અને અમીર બે મિત્રો ફરવા માટે ગયા. ફરતા ફરતા સાંજ પડી ગઈ એટલે તેઓએ વિસામો લીધો મોડી રાત થઈ ગઈ એટલે અડધી રાત્રે ગરીબ મિત્રને વિચાર આવ્યો કે ચાલને આના બધા પૈસા લઈ લઉ અને હું અમીર બની જાવ એટલે ગરીબ મિત્ર અમીર મિત્રને રાત્રે ખોળવા લાગ્યો એમની પથારી, થેલો, કપડાં બધું ખોળી વાળ્યું પણ કઈ ના મળ્યું એટલે ગરીબમિત્રને વિચાર આવ્યો કે આખરે આણે પૈસા મુકયા કયાં હશે ? એટલે ગરીબ મિત્ર એ નકકી કર્યું કે જે થાય તે પણ મારે સવારે પુછવું જ છે. સવાર પડી એટલે અમીર મિત્ર ને ગરીબ મિત્રએ પૂછયું કે માફ કરજે મિત્ર પણ મારાથી એક ભુલ થઈ ગઈ છે કે મને દુષ્ટ વિચાર આવ્યો તો રાત્રે કે હું તારા બધા પૈસા લઈ લવ પણ મિત્ર મને કશું ના મળ્યું એટલા માટે મને માફ કરજે તો અમીર મિત્રએ જવાબ આપ્યો અરે ગાંડા પૈસા તો મેં તારા ઓશીકા નીચેજ મુકયા હતા.

આ વાતથી એ શીખ મળે છે મિત્રો આપણે લોકો બીજાની પોલ ખોલવામાં વધારે રસ લઈએ છીએ આપણે ખુદને ખોળીએ તો ઘણું બધું મળે....

**માનવીની ઉંચાઈ તેના ગુણોને લીધે હોય છે,ઉંચી જગ્યાએ બેસવાથી માનવી ઉંચો થઈ જતો નથી.**

**Engage in this month**

- ❖ Training for Agriculture Officer of Agri demo on various crops grown in coastal areas at GAU Junagadh (2-3 July 12)
- ❖ Field visit of Sutrapada and Veraval by Devshree (CSPC)(4 July 12).
- ❖ Oncampus training for farmers of Jafrabad, Sutrapada and Veraval (13 July 12).
- ❖ Attend Learning workshop org. by PCI at 18 Jul 12
- ❖ Involve in senitation training org. by AKBN 26-27 Jul 12
- ❖ Meeting of Ekalnari shakti manch on 23 Jul 12
- ❖ Meeting for MIS org by CSPC 14 Jul 12
- ❖ Meeting with DRDA Rajkot for involment in training on 27 Jul 12
- ❖ Team meetin at Dharmpur on 28-29 Jul 12
- ❖ Ongoing skill development training - Alidar (Beauty parler, Aribharat) Ghantvad (Beauty parler) Tal. Kodinar and Dabhor (Beauty parler) Tal. Veraval

Some people pray just to pray and some people pray to know God.

-- ***Andrew Murray***

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**બાળકોને તર્કથી નહી ઉદાહરણ આપી સમજાવો.**